# તલાટીની પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થતા ભારે ચકચાર

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જીલ્લામાં તલાટી કમ મંત્રીની ૯૩ જગ્યાઓ માટે શનિવારે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના ૧૩૨ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી રહી હતી. દરમિયાન હિંમતનગરમાં આવેલ માયઓન હાઈસ્કૂલના પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપતા બે પરીક્ષાર્થીઓ પાસે અગાઉથી જ પેપર મળી આવતા તંત્રના અધિકારીઓ પરીક્ષા કેન્દ્ર ખાતે દોડી આવ્યા હતા. ત્યારબાદ ગંભીરતાપૂર્વક તપાસ કર્યા પછી તલાટીની પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થયું હોવાની શંકા જતા બે પરીક્ષાર્થીઓ વિરૂધ્ધ હિંમતનગર બીડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં તલાટી કમ મંત્રીની ૯૩ જગ્યાઓ માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. અને જીલ્લા પંચાયત પરીક્ષા ભરતી બોર્ડ દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના ૧૩૨ પરીક્ષા કેન્દ્રો પર વર્ગ૧ ના અધિકારીઓની દેખરેખ હેઠળ શનિવારે પરીક્ષા લેવામાં આવી રહી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસી ટીવી કેમેરાની દેખરેખ હેઠળ શનિવારે સવારે ૧૧ થી ૧૨ દરમિયાન પરીક્ષા લેવાઈ હતી. દરમિયાન હિંમતનગરની માયઓન હાઈસ્કૂલમાં પણ તલાટી કમ મંત્રીની પરીક્ષા આપવા માટે પરીક્ષાર્થીઓ આવ્યા હતા.

પરીક્ષાનો પ્રારંભ થતાની સાથેજ બ્લોક નં. ૧૦ અને ૧૩ માં પરીક્ષા આપી રહેલા બે વિદ્યાર્થીઓ પાસે ઓએમઆર સીટ સાથેનું જવાબપત્ર હોવાની ફરિયાદ મળતા કેન્દ્રના સંચાલક તથા ખંડ નિરીક્ષક દ્વારા તપાસ કરાઈ હતી. દરમિયાન બ્લોક નં. ૧૩ માં પરીક્ષા આપતા પરીક્ષાર્થી સંજય લલ્લુજી સોલંકી તથા બ્લોક નં. ૧૦ માં પરીક્ષા આપતા પરીક્ષાર્થી પટેલ અજયભાઈ પોપટભાઈ પાસેથી જવાબ સાથેની ઓએમઆર સીટ મળી આવી હતી. જેની ગંભીરતા લઈને જીલ્લા વિકાસ અધિકારી એમ. નાગરાજન, નાયબ જીલ્લા વિકાસ અધિકારી એસ.બી.ખપેટ, મામલતદાર એ.કે.ગઢવી તથા અન્ય અધિકારીઓ માયઓન હાઈસ્કૂલના પરીક્ષા કેન્દ્ર ખાતે દોડી આવ્યા હતા. અને બંને પરીક્ષાર્થીઓની પુછપરછ કરતા પ્રશ્નપત્ર લીક થયુ હોવાની શંકા જણાતા નાયબ જીલ્લા પોલીસ અધિકારી જયોતિ પંકજ પટેલ તથા પી.એસ.આઈ. આર.આર. દેસાઈને તત્કાલીક જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ માયઓન હાઈસ્કૂલના પ્રિન્સીપાલ પટેલ દિનેશભાઈ અમૃતભાઈની ફરિયાદને આધારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં બંને પરીક્ષાર્થીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવાઈ હતી.

## વડીલોને વંદન અભિનંદન



હંસાબેન મોદી
મેયર- ગાંધીનગર મનપા
(૧૯૬૨) મો. ૯૦૯૯૦૬૪૭૮૯



બબુબેન મંગળદાસ પારેખ
(૧૯૩૭)

## દશકોશી અઢાર વણકર સમાજે ચોપડી વિતરણ શરૂ કર્યુ

ગાંધીનગર, તા.૬

નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજના આનંદ ડી. કાપડિયાએ સમાજનું ગૌરવ વધાર્યુ છે.ભૂતાનના થીમ્પુ ખાતે યોજાયેલ સાઉથ એશિયન જમ્પ રોપ સ્પર્ધામાં આનંદે ચાર મેડલ મેળવી સમાજ અને રાજયનું ગૌરવ વધાર્યું છે.

તેમજ સમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ માટે વિના મૂલ્યે ચોપડા વિતરણ કરવામાં આવી રહ્યા છે ત્યારે સિનિયર કેજી અને ધોરણ-૧ થી ૪ના વિદ્યાર્થીઓને ૬ નંગ ચોપડા અને ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓને ૧૨ નંગ ફુલસ્કેપ ચોપડા વિતરણ કરવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટ બતાવી અમદાવાદ રખિયાલ સ્થિત સમાજભવન ખાતેથી મેળવી લેવા ડી.એમ. પરમારે જણાવ્યું છે.

## હિંમતનગરના ભાટવાસમાંથી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૬

હિંમતનગરના ભાટવાસ વિસ્તારના એક મકાનમાંથી બીડીવીઝન પોલીસે મંગળવારે દરોડો પાડી રૂ.૨૫૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. જોકે પોલીસને જોઈને બુટલેગર ભાગી ગયો હતો. જે અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# તલાટીની પરીક્ષા આપવા જઈ રહેલા ધનસુરાના યુવાનનુ અકસ્માતમાં મોત

### મોડાસાના આંતિસરા નજીક ટ્રકે-બાઈકને અડફેટે લેતાં ૧ નું મોત : ૨ યુવાન ઘાયલ

મોડાસા, ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા-ધનસુરા રાજ્ય ધોરીમાર્ગ પર આજે સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ બાઈક અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક યુવાનનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. બાઈક પર સવાર અન્ય બે યુવાનોને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ધનસુરા પોલીસે અકસ્માતનો ગુન્હો દાખલ કરી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

ધનસુરાના ત્રણ યુવાનો આજે સવારે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લેવાઈ રહેલી તલાટીની લેખિત પરીક્ષા આપવા મોડાસા શહેરમાં પરીક્ષા કેન્દ્રમાં નંબર હોવાથી મોડાસા પરીક્ષા આપવા જઈ રહ્યા હતા. ત્યારે જાણે મોત તેમની રાહ જોઈ રહ્યુ હોય તેમ ધનસુરાથી અંતિસરા પહોંચ્યા હતા. જ્યાં મોડાસા તરફથી આવી રહેલી ટ્રક (ગાડી નં. એચઆરએસએસએન૦૭૨૮)ના ચાલકે ટ્રક ગફલતભરી રીતે પૂરઝડપે હંકારી અંતિસરા ગામની સીમમાં આવેલી મેવાડ હોટલની સામે ધનસુરા તરફથી આવી રહેલી બાઈકને અડફેટે લેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક યુવાન જીગરભાઈ કીરીટભાઈ વસાવા ઉ.વ. ૨૨ (રહે. ગીરીરાજ સોસા. ધનસુરા)નું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક પર બે અન્ય સવાર યુવાનો પ્રસિદ્ધ શશીકાન્તભાઈ પાંડે અને કપિલ ગીરીશભાઈ મીસ્ત્રીને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે દોડી આવેલ લોકોએ બન્ને ઈજાગ્રસ્ત યુવાનોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં બન્ને ઘાયલ યુવાનોની સ્થિતિ કાબુમાં હોવાનું જામવા મળ્યું હતું. અકસ્માતની ઘટના અંગેની જાણ ધનસુરા પોલીસને થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોચી ટ્રાફિકનું નિયમન કરાવી મૃતક યુવાનના મૃતદેહને પી.એમ. માટે મોકલી આપી હતી. તેમજ અકસ્માત કરી ફરાર ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો તિમાન કર્યા હતા.

ધનસુરા હોંશેહોંશે તલાટીની પરીક્ષા આપવા નિકળેલા યુવાનનું અકસમાતમાં મોત નિપજતાં પરિવારના સભ્યોએ આક્રંદ કરી મુક્યુ હતુ. જ્યારે ધનસુરા ગામમાં મૃતક યુવાનના પગલે શોક છવાઈ ગયો હતો.

# અરવલ્લી જિલ્લામાં નવા સીમાંકનનો ભાજપના હોદ્દેદારોએ જ વિરોધ નોંધાવ્યો

મોડાસા, તા. ૬

તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના ભાજપ નેતૃત્વમાન અને પૂર્વ હોદ્દેદારો તેમજ સંગઠનના પદાધિકારીઓ તેમજ સરપંચોએ સામુહિક રીતે સીમાંકનનો વિરોધ રજુ કરતો વાંધો જિલ્લા ચૂંટણી અને રાજ્ય ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરાયો છે.

અરવલ્લી જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતની ચૂંટણી આગામી દિવસોમાં યોજાનાર છે. ત્યારે ચૂંટણીપંચ દ્વારા નવા સીમાંકનની જાહેરાત કરી દેવામાં આવી છે. આ સીમાંકન ગાઈડલાઈન વિરૂદ્ધ થયું હોવાની માથાકૂટ વચ્ચે ભાજપના જ હોદ્દેદારોએ જિલ્લા ચૂંટણી પંચ થતા રાજ્ય ચૂંટણીપંચ સમક્ષ વાંધો અને વિરોધ રજુ કરતા અરવલ્લી જિલ્લામાં સીમાંકન મુદ્દે રાજકારણ ગરમાઈ ગયું છે.

નવું સિમાંકન જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનું ચૂંટણી લડવા માંગતા ઉમેદવારો માટે નિરાશાજનક કરાયું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે સીમાંકન મામલે પુનઃ વિચાર કરાય તે માટે લાગતા વળગતા અધિકારીઓ સમક્ષ ભાજપના હોદ્દેદારો દ્વારા રજુઆત કરાઈ છે. ત્યારે આ મામલે તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના વર્તમાન અને પૂર્વ હોદ્દેદારો તેમજ સંગઠનના પદાધિકારીઓ તેમજ સરપંચોએ સામુહિક રીતે સીમાંકનનો વિરોધ રજુ કરતો વાંધો જિલ્લા ચૂંટણી અને રાજ્ય ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરાયો છે. સત્વરે આ સીમાંકન અંગે ફેરવિચારણા કરાય તે જરૂરી છે. કારણ કે કેટલીક પંચાયત સીટનો વિસ્તાર





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

૨૦ કિલોમીટરથી પણ વધી જતો હોવાથી જે તે વિસ્તારના વિકાસમાં પણ અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય તો પદાધિકારીઓ માટે મુશ્કેલીરૂપ બની રહેશે.

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બેઠકોનું જે રીતે સીમાંકન કરવામાં આવ્યું છે તેનો સત્તાધારી ભાજપના જ હોદ્દેદારો દ્વારા સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે. અરવલ્લી જિલ્લા સંગઠનમાં બક્ષી પંચ મોરચાના પ્રમુખ સહિતે આ મામલો ગુંચવાડાભર્યો હોવાનું જણાવી ઉમેર્યું હતું કે ચૂટણી પંચ દ્વારા ભૌગોલિક સ્થિતિનો અભ્યાસ કાર્ય વિના જ આડેધડ સીમાંકન કરી દેવામાં આવ્યું છે જેનાથી ચૂંટણી લડવા થનગની રહેલા અનેક ઉમેદવારોના સ્વપ્ર અધુરા રહી જવાની સ્થિતિ સર્જાય તેવી ભીતિ છે.

રક્તદાન મહાદાન



**તલાટીની પરીક્ષા આપવા જઈ રહેલ યુવતીને મોત ભેટ્યું**

પાલનપુર તાલુકાના જગાણાના ગામની ૨૦ વર્ષીય યુવતી રૂપલ ચંદ્રકાન્ત નાયી તેના પિતા સાથે એકટીવા પર તલાટીની પરીક્ષા આપવા અમીરગઢ જઈ રહી હતી તે દરમિયાન એકટીવાનું ટાયર ફાટતાં સર્જાયેલ અકસ્માતમાં રૂપલનું કરૂણ મોત નિપજયું હતું. આ અકસ્માતમાં યુવતીના પિતાને ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે પાલનપુર સિવીલમાં ખસેડવામાં આવ્યા હતાં. (તસવીર : હરેશ જોષી)

# દાંતીવાડાના આરખી ગામે સગીર યુવતી ભગાડી જવાના મામલે ગ્રામજનોની હિજરત

### પાડાના વાંકે પખાલીને ડામ : ગુનેગાર ફરાર પણ ગ્રામજનોની હિજરતથી નિર્દોષ ઢોરના પણ મોત

પાલનપુર, તા. ૬

કહેવત સાંભળી હશે કે પાડાના વાંકે પખાલીને ડામ જી..હા.. તેવી જ સ્થિતિ સર્જાઈ છે બનાસકાંઠાના પાથાવાડા વિસ્તારમાં ગુનો કરનાર તો ફરાર છે પણ નિર્દોષ લોકો પણ ગામ છોડીને ચાલ્યા ગયા છે.

વાત છે દાંતીવાડા તાલુકાના આરખી ગામની કે જ્યાંથી આશરે ૨૦ દિવસ અગાઉ એક મુસ્લીમ સમાજનો છોકરો નામે ફિરોજ ઉર્ફે ફદો આરખી ગામની સગીર યુવતીને ઉપાડી ગયેલો અને આ બાબતે પાથાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પાથાવાડા પોલીસે તપાસ હાથ ધરી છે. હવે અહિંયા મુશ્કેલીની વાત કરવામાં આવે તો પાથાવાડાની આજુબાજુના ગામોમાં રહેતા મુસ્લિમ પરિવારના લોકો ડરના માર્યા પોતાનું ઘર અને ગામ છોડી બીજે પોતાના સગાને ત્યાં રહેવા જતા રહ્યા છે અને મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ મહિલાઓ સહીત આજરોજ બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષકને આવેદન પત્ર આપી જણાવ્યું હતું કે અમે ગરીબ અને મજુરી વર્ગના માણસો છીએ અને પાથાવાડા વિસ્તારમાં રહેલ યુવતીની જ્ઞાતિના લોકો પૈસે ટકે સુખી અને રાજકીય લાગવગ ધરાવતા હોવાથી અમારા ઉપર માનસિક રીતે અને આર્થિક રીતે જોહુકમી જબરાઈ કરવા લાગેલા જેથી અમો લોકોએ ગામમાંથી હિજરત કરી બીજે રહેવા જતા રહ્યા છીએ. અને પશુઓ પણ ખાધા પીધા વગર મોતને ભેટી રહ્યા છે જેથી અમોને પોલીસ સુરક્ષા આપવામાં આવે તો અમે લોકો ફરીથી ગામમાં વસવાટ કરી શકીએ. અમારા પર કોઈ જાતનો હૂમલો કરવામાં ન આવે. હિંદુ મુસ્લિમ બાબતનું વાતાવરણ તંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. જો પોલીસ દ્વારા અમને પુછપરછ કરવામાં આવે તો અમને એક દિવસમાં છોડી દેવાય અને અમે જો ગુનેગાર સાબિત થઈએ તો પોલીસ અમને સજા કરી શકે. અમે ઘર છોડીને ચાલ્યા ગયા બાદ અમારા ઢોર ઢાંખર પણ મોતને ભેટ્યા છે. તે બાબતે અમને યોગ્ય વળતર આપે તેવુ આવેદન પત્ર આપવા માટે પાથાવાડા વિસ્તારના મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના અગ્રણીઓ કલેક્ટર ઓફિસે આવ્યા હતા. ગુનો કરનાર ગુનેગાર તો ફરાર છે પરંતુ જેને ગુનો નથા કર્યો તેવા પશુઓ પણ ખાધા પીધા વગર મોતને ભેટી રહ્યા છે તેથી સરકાર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને હિજરત કરી ગયેલા પરિવારને પોતાના ઘરે વસવાટ કરાવે જેથી નિર્દોષ અને ભોળા પશુ તો ખાધા પીધા વગર મોતને ન ભેટે હવે જોવાનું એ રહે છે કે પશુ પર કોણ દયા ખાય છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

## પરીક્ષા આપશો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જુનિયર ક્લાર્ક સંવર્ગની પરીક્ષા યોજવામાં આવનાર છે. પરીક્ષા ખંડમાં પરીક્ષાની ૪૫ મિનિટ પહેલાં પ્રવેશ આપવામાં આવશે. પરીક્ષાર્થી મોબાઈલ કે અન્ય કોઈ ઈલેક્ટ્રીક ઉપકરણ સાથે કેમ્પસમાં પ્રવેશી શકશે નહિ. જિલ્લા તંત્ર દ્વારા આ પરીક્ષા માટે ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તેમજ મોનીટરીંગ માટે સીસીટીવીની પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તંત્ર દ્વારા આજની આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે પુરતી તૈયારીઓ કરી લેવામાં આવી છે.

## શબ્દાવલી - ૫૭૫૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | ■ | | ■ | ૮ | |
| | ■ | ૯ | ૧૦ | | ૧૧ | ■ | |
| ■ | ૧૨ | ■ | | ■ | ૧૩ | ૧૪ | ■ |
| ૧૫ | | | | ■ | ૧૬ | | ૧૭ |
| ■ | | ■ | ૧૮ | | ■ | ૧૯ | |
| ૨૦ | | ૨૧ | | ■ | ૨૨ | ■ | |
| | ■ | | ■ | ૨૩ | | ■ | |

### આડી ચાવી

૧. પરાયા, પોતાના ના હોય તેવા (૩)
૪. આતુરતા, તરફડાટ (૪)
૭. મશ્કરી, ટીખળ (૩)
૮. ધક્કા, આંટાફેરા (૨)
૯. આકૃતિ, ઘાટ, નકશો (૪)
૧૩. કાજે, માટે (૨)
૧૫. ગૃહકાર્ય (૪)
૧૬. કેળાને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૧૮. જુસ્સો, તરવરાટ (૨)
૧૯. ઉછાળો, ઉભરો (૨)
૨૦. પ્રણાલી, પરંપરા (૪)
૨૩. ભગવાન, ખુદા, અલ્લા (૨)

### ઊભી ચાવી

૧. તુચ્છ, હલકું (૩)
૨. છુટ્ટી, રવિવારને દિવસ (૨)
૩. ચીભડું, કકુમ્બર (૩)
૪. જાદુગાદલું, ગાદી (૨)
૫. ખાજા, એક વાનગી (૨)
૬. ખત પત્ર, કાગળ (૩)
૧૦. ખુબ રોશની, ભભકો (૫)
૧૧. બુરખો, ઘુંઘટો (૩)
૧૨. સ્મશાન ઘાટ (૪)
૧૪. નનામી, મૈયત (૩)
૧૭. અણસમજુ (૪)
૨૦. રહેઠાણ, મકાન (૨)
૨૧. મજલો, મંજીલ, મેડો (૨)
૨૨. હોઠ, ઓષ્ઠ (૨)

### શબ્દાવલી ૫૭૫૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) અંધારું (૪) મુરતિયા (૮) તરાપ (૯) કાવડિયા (૧૦) રવી (૧૧) રાબ (૧૨) પાવલો (૧૩) પંથક (૧૫) જોશ (૧૭) સાડ (૧૮) ઉપકાર (૧૯) કૃપણ (૨૧) તડીપાર (૨૨) માઇક

**ઊભી ચાવી :-** (૧) અંતર (૨) ધારાવી (૩) રુપ (૪) મુકાબલો (૫) રવ (૬) તિડિ (૭) યાયાવર (૧૧) રાવ (૧૨) પાક (૧૩) પંચાયત (૧૪) થડ (૧૫) જોકા (૧૬) શરણાઇ (૧૮) ઉપર (૧૯) પણ (૨૦) કૃપા

## કંપની સમાચાર

### બિટ્સ્કેપ ઈન્ફોટેકની ૨૦૧૫ માઈક્રોસોફ્ટ વર્લ્ડવાઈડ સ્મોલ એન્ડ મિડસાઈઝડ ક્લાઉડ સોલ્યુશન્સ એવોર્ડ માટે ફાયનાલિસ્ટ તરીકે પસંદગી

બિટ્સ્કેપ ઈન્ફોટેકની ૨૦૧૫ માઈક્રોસોફ્ટ વર્લ્ડવાઈડ સ્મોલ એન્ડ મિડસાઈઝડ ક્લાઉડ સોલ્યુશન્સ એવોર્ડમાં ફાયનાલિસ્ટ તરીકે પસંદગી થઈ છે. બિટ્સ્કેપ ઈન્ફોટેકને અગાઉ પણ માઈક્રોસોફ્ટ ટેકનોલોજી પર આધારિત કસ્ટમર સોલ્યુશન્સ પુરા પાડવા માટે માઈક્રોસોફ્ટ વર્લ્ડવાઈઝ તરફથી પ્રતિષ્ઠિત એવોર્ડસ પ્રાપ્ત થઈ ચુક્યા છે.

બિટ્સ્કેપ ઈન્ફોટેકનાં સીઈઓ અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી કાર્તિક શાહના જણાવ્યા અનુસાર 'અમને આનંદ છે કે માઈક્રોસોફ્ટ વર્લ્ડવાઈડ દ્વારા અમારા પ્રયાસો અને નિપૂણતાને સતત ત્રીજા વર્ષે બિરદાવવામાં આવી રહ્યા છે. અમે માઈક્રોસોફ્ટ ક્લાઉડનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખીશુ.'

માઈક્રોસોફ્ટ વર્લ્ડવાઈડનાં એવોર્ડ્સમાં ૧૦૮ દેશોનાં ૨૩૯૯થી પણ વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. બિટસ્કેપ ઈન્ફોટેકની સ્મોલ અને મિડસાઈડ્ઝ ક્લાઉડ સોલ્યુશન્સ પુરા પાડનારી અસાધારણ કંપની તરીકે પસંદગી કરવામાં આવી છે.

### પુનાની ગ્લોબલ એકેડમી ફોર ઓટોમોટિવ રિટેલ એક્સલન્સ (ગારે)માં એડમિશનનો પ્રારંભ

પુનાની ગ્લોબલ એકેડમી ઓફ ઓટોમોટિવ રિટેલ એક્સલન્સ (ગારે)માં એડવાન્સડ ડિપ્લોમાં ઈન ઓટોમોટિવ સેલ્સ પ્રોગ્રામ્સનાં કોર્સમાં એડમિશનનો પ્રારંભ થયો છે. તા. ૧૫ જુલાઈ, ૨૦૧૫થી ઈન્સ્ટિટ્યુટની પ્રથમ બેંચના વર્ગોની શરૂઆત થશે.

ઓટોમોબાઈલ ઉદ્યોગમાં તાલીમબદ્ધ અને કૌશલ્યયુક્ત માનવબળની વધી રહેલી માંગને અનુલક્ષીને શરૂ થયેલી ગારે આ ક્ષેત્રની પ્રથમ સંસ્થા છે. ગારેનું ઔપચારિક ઉદ્ઘાટન તા. ૧૧ જૂન, ૨૦૧૫ના રોજ થશે. ગારેમાં ઓફર કરવામાં આવતા કોર્સમાં છ વિષયો છે. તેમાં ઓટોમોટિવ ટેકનોલોજી, પર્ઝુએસિવ કોમ્યુનિકેશન, આર્ટ ઓફ સેલીંગ, પર્સનાલિટી ડેવલપમેન્ટ, કસ્ટમર રિલેશનશીપ મેનેજમેન્ટ, સેલ્સ બિઝનેસ મેનેજમેન્ટનો સમાવેશ થાય છે.

ગારેનાં ચીફ મેન્ટર અને સ્થાપક શ્રી યશવંત ઝાબખે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'એડવાન્સડ ડિપ્લોમાં ઈન ઓટોમોટિવ રિટેલ સેલ્સ પ્રોગ્રામની એડમિશન પ્રક્રિયાનો આરંભ થઈ ચૂક્યો છે. અમે આ નાવિન્યપૂર્ણ કોર્સથી શરૂઆત દ્વારા ઓટો ઉદ્યોગને તાલીમબદ્ધ માનવબળ પુરૂ પાડી શકીશું.'

ટચૂકડી જાહેર ખબર
વેચવાની છે
સેક્ટર નં.૩૦માં વાણિજ્ય અને રહેણાંકના હેતુવાળી, બે-શટર, આગળ-પાછળ પાર્કીંગની જગ્યા, ૮૭.૫ ચો. મીટર, આર.સી.સી. બાંધકામવાળી દુકાન, જુન-૨૦૧૫માં થનાર ઈ-હરાજીની દુકાનોના ભાવ ધ્યાનમાં રાખી વ્યાજબી ભાવે વેચાણથી આપવાની છે.
ફોન : ૯૬૬૨૩૫૮૪૪૦

## ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર

આઈ.આઈ.ટી.ઈ. ખાતે તદ્દન હંગામી ધોરણે કરાર આધારીત ડ્રાયવરની જગ્યા માટે તા. ૧/૬/૨૦૧૫ની સ્થિતિએ ઓછામાં ઓછા ૧૮ વર્ષ અને વધુમાં વધુ ૪૫ વર્ષની વય મર્યાદા ધરાવતા યોગ્ય લાયક ઉમેદવારોએ તા. ૨૦/૬/૨૦૧૫ સુધીમાં અરજી નીચેના સરનામે મોકલી આપવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | પગાર/વેતન | લાયકાત |
|---|---|---|---|
| ૧ | ડ્રાયવર | માસિક રૂ. ૭૫૦૦/- ઉચ્ચક ફીક્સ વેતન | ધોરણ-૧૦ પાસ અને લાઈટ મોટર વ્હીકલ તથા હેવી મોટર વ્હીકલનું પાકું લાયસન્સ |

સરકારી / અર્ધસરકારી કચેરી / કોર્પોરેશન કે શૈક્ષણિક સંસ્થામાં ડ્રાયવર તરીકે અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે બાયોડેટા જેમાં પોતાનું પુરું નામ, સરનામું, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ, ડ્રાઈવીંગ લાયસન્સ તેમજ તમામના પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ અરજી સાથે અચૂક જોડવાની રહેશે.

**ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન**
આઈ.આઈ.ટી.ઈ., મહાત્મા મંદિરની પાસે,
સેક્ટર-૧૫, ખ-રોડ, ગાંધીનગર

**તારીખ : ૬/૬/૨૦૧૫**
**સ્થળ : ગાંધીનગર**

**કુલસચિવ**
**આઈઆઈટીઈ**